# આવતીકાલે શહેર-જિલ્લામાં પાણી પુરવઠો યથાવત રહેશે


**મોડી સાંજે પાણી પુરવઠા મંત્રી અને કર્મચારી મંડળ સાથે યોજાયેલ મંત્રણના અંતે પ્રજાને શુદ્ધ અને સમયસર પાણી આપવા પ્રતિબદ્ધતા જાહેર કરાઈ : અગાઉનો નિર્ણય મુલત્વી રખાયો : મહાનગરપાલિકા, નગરપાલિક તેમજ ગ્રામ પંચાયતોનો ૧ હજાર કરોડથી વધુ રકમનો વેરો બાકી હોવાના લીધે પાણી પુરવઠા બોર્ડને મોટુ આર્થિક નુકશાન**

ગાંધીનગર તા ૬

ગાંધીનગર સહિત આસપાસના ગામો અને નગરોમાં ૭મી જુને પાણી પુરવઠો નહિ આપવાનું પાણી પુરવઠા બોર્ડ દ્વારા કરાયેલો નિર્ણય આજે મોડી સાંજે યોજાયેલી ચર્ચાઓ બાદ મુલત્વી રખાયો છે. પાણી પુરવઠા મંત્રી બાબુભાઈ બોખિરીયા અને કર્મચારી મંડળના પ્રતિનિધિઓ સાથે યોજાયેલી ચર્ચાને અંતે સાતમાં પગાર પંચ સંદર્ભે ટુંક જ સમયમાં નિર્ણય લેવાની જાહેરાત કરતાસમગ્ર સમસ્યા ઉકેલવા તમામ પક્ષો સંમત થયા હતા. જેના પગલે ૭મીએ પાણી પુરવઠો નહિ આપવાના નિર્ણયને મુલત્વી રખાયો હતો એમ મંત્રીશ્રી બાબુભાઈ બોખિરીયા તથા કર્મચારી મંડળના શ્રી પ્રવિણ સુતરીયાના નિવેદનોમાં જણાવાયું છે.

રાજયના પાટનગરમાં વહીવટી અણઘડતાના લીધે પાણીનો પ્રશ્ન જટીલ બન્યો છે. પાણીના બેફામ બગાડની સાથે નગરપાલિકાઓ તેમજ ગ્રામપંચાયત કક્ષાએથી વેરાની રકમ ચુકવાઈ નથી. ગાંધીનગર શહેર સહીત જિલ્લાના ગામો અને નગરપાલિકાઓ દ્વારા વેરાની તોતિંગ રકમ ન ચુકવાતા ગુજરાત પાણી પુરવઠા અને ગટર બોર્ડ દ્વારા નર્મદાના પાણીનો સપ્લાય નહીં આપવાનો નિર્ણય લેવાયો છે. જેના લીધે આવતીકાલે સમગ્ર શહેર તેમજ સમાવિષ્ટ ગામોને પાણીનુ ટીંપુ પણ નસીબ નહીં થાય એવી જાહેરાત કરવામાં આવી હતી. પાણી વેરા અન્વયે શહેર તેમજ ગામો ઉપરાંત વિવિધ નગરપાલિકાઓ પાસેથી અંદાજિત રૂ ૧ હજાર કરોડનો તોતિંગ વેરો વસુલવાનો બાકી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. પ્રતિ એક હજાર લીટર દિઠ રૂ ૬ ના બદલે વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર બોર્ડને પણ માત્ર ૩ રૂ જ ચુકવાય છે.

● અનુસંધાન પાન-૭ પર




પ્રવેશ દ્વારે જ ગાબડું - સિવિલ હોસ્પિટલના પ્રવેશદ્વારને જોડતા માર્ગની કંગાળ હાલત દયા ઉપજાવે છે... સેંકડો દર્દીઓ જ્યાંથી ઈલાજ માટે સિવિલમાં પહોંચે છે તેના પ્રવેશદ્વારને જોડતા માર્ગની હાલત તંત્રની બેજોડ બેદરકારી બતાવે છે... મુખ્ય માર્ગ અને હોસ્પિટલના માર્ગ વચ્ચે કોઈ લેવલ જ ન હોવાને કારણે બે માર્ગ વચ્ચેનું જોડાણ જ નથી....

# આવતીકાલથી ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવ

**ત્રિદિવસીય પ્રવેશોત્સવ માટે ગ્રામ્ય વિસ્તારના ૬૪ રૂટ નિયત કરાયા : સૌથી વધુ દહેગામમાં રૂટ; પ્રવેશોત્સવમાં જનાર અધિકારી-પદાધિકારીનુ સ્વાગત ન કરવા સૂચન**

ગાંધીનગર, તા. ૬

ગુરૂવારથી જિલ્લામાં આરંભાઈ રહેલ ૧૪મા પ્રવેશોત્સવ માટે જિલ્લાતંત્રએ ૬૪ રૂટ નિયત કર્યા છે. આ પ્રવેશોત્સવમાં ૧૪,૨૭૦ બાળકો પ્રવેશપાત્ર જિલ્લાતંત્રના સર્વેમાં મળ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં વિસ્તારની દૃષ્ટિએ મોટો ગણાતા દહેગામમાં ૨૨ રૂટ નિયત કરવામાં આવ્યા છે. જયારે ગાંધીનગરમાં ૧૮ રૂટ, કલોલમાં ૧૩ રૂટ અને માણસામાં ૧૧ રૂટ નિયત કરવામાં આવ્યા છે.

૮,૯ અને ૧૦ જુન દરમ્યાન યોજાનાર આ પ્રવેશોત્સવમાં જિલ્લાની ૬૦૦ જેટલી શાળાઓને આવરી લેવામાં આવનાર છે. આ પ્રવેશોત્સવમાં બાળકોનુ મૂલ્યાંકન કરી મીની ગુણોત્સવનુ પણ આયોજન કરાયુ હોવાથી જનાર અધિકારીઓને આખો દિવસ સતત કામગીરીમાં વ્યસ્ત રહેવુ પડશે.

જિલ્લામાં ૧૯ જેટલા ઉચ્ચ અધિકારીઓ ઉપરાંત પાંચ જેટલા પદાધિકારીઓ જોડાવાના છે. જિલ્લાના ૪૦ થી વધુ અધિકારીઓને પણ આ પ્રવેશોત્સવમાં સાંકળવામાં આવ્યા છે.

જિલ્લામાં કલોલ અને માણસામાં કુમાર કરતા કન્યાઓ પ્રવેશપાત્ર વધુ હોવાનુ સર્વેમાં જણાયાનુ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. આ વખતે પ્રવેશોત્સવમાં સ્થાનિક પદાધિકારીઓ અને નિવૃત્ત શિક્ષકોને પણ સાથે રાખવાની સરકારે સૂચના આપી હોવાનું જાણવા મળેલ છે.

રાજય સરકાર દ્વારા ૩ પ્રા. શાળા અને મા. શાળા પ્રવેશોત્સવ દરમ્યાન આવરી લેવામાં આવે તેવી સૂચના પણ આપી છે.

જિલ્લામાં ૩૩ વિકલાંગ બાળકોને પણ આ પ્રવેશોત્સવમાં પ્રવેશ આપવામાં આવશે. આ પ્રવેશોત્સવની તૈયારીઓ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી છે. આ પ્રવેશોત્સવમાં મહેમાનોના સ્વાગતની ઔપચારિક વિધિ પણ નહિ રાખવાની સૂચના સરકાર દ્વારા આપવામાં આવી છે.

## જિલ્લાના પાંચ ગામમાં ૫૦ ટકાથી ઓછો સ્ત્રી સાક્ષરતા દર જણાયો

**૪૯ બાળાઓને જ વિદ્યાલક્ષ્મી બોન્ડ મળવાપાત્ર**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૧ની વસ્તી ગણતરીના પરિણામ પ્રમાણે પાંચ ગામમાં જ સ્ત્રી સાક્ષરતા દર ૫૦ ટકાથી નીચે છે. જેમાં દહેગામના ૩, ગાંધીનગર અને કલોલના ૧-૧ ગામનો સમાવેશ થાય છે.

આ પાંચ ગામની ૪૯ બાળઆઓ જે બી.પી.એલ. પરિવારમાંથી પ્રવેશપાત્ર જણાઈ છે તેમને સરકાર તરફથી વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવશે.

રાજ્ય સરકારે આ વખતે વિદ્યાલક્ષ્મી બોન્ડની નીતિમાં ફેરફાર કર્યો હોવાથી આટલી ઓછી સંખ્યામાં બાળાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ મળવા પાત્ર થાય છે.

## ૨૦ શાળામાં ૭૬ વર્ગખંડોનુ પ્રવેશોત્સવ દરમ્યાન લોકાર્પણ કરાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં પ્રવેશોત્સવ દરમ્યાન બે શાળાઓના નવા બિલ્ડીગ સાથે કુલ ૭૬ વર્ખખંડોનું લોકાર્પણ કરવામાં આવશે.

જિલ્લા શિક્ષણ તંત્રના સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાના ૨૦ ગામોમાં આ વર્ગખંડો નિર્માણાધીન હતા.

દહેગામના બહિયલમાં ૧૩ તેમજ લવાડ ગામે ૧૩ વર્ગખંડોની શાળાઓ જ નવી બનાવવામાં આવી છે. દહેગામ તાલુકાના ૧૦ ગામમાં ૪૫ વર્ગખંડો નવા બનાવવામાં આવ્યા છે.

માણસામાં બે શાળા, કલોલમાં ૩ શાળા અને ગાંધીનગર તાલુકાની પાંચ શાળામાં નવા વર્ગખંડો બનાવવામાં આવ્યા છે.

સર્વશિક્ષા અભિયાન દ્વારા વર્ગખંડો બનાવવામાં આવે છે. ૧લી મે એ રાજ્યના સ્થાપના દિને પણ નવા વર્ગખંડોનુ લોકારાર્પણ કરવામાં આવ્યુ હતુ. જે ઉલ્લેખનીય છે. જિલ્લામાં ૪૦૦થી વધુ વર્ગખંડોની ઘટ છે. જે પૈકી ૭૯ વર્ગખંડ આ વર્ષે બનાવવામાં આવ્યા છે.

# જિલ્લા પંચાયતના પ્રમુખ સામે અવિશ્વાસના પ્રસ્તાવની હિલચાલ

**ચોમાસુ નજીક છે અને પછી વિધાનસભાની ચૂંટણીને લઈ આચારસંહિતા આવશે અને વહીવટીય મંજૂરી રેતી-કાંકરીની ગ્રાન્ટના કામોની ના અપાતાં સભ્યોમાં રોષ**

ગાંધીનગર, તા. ૬

રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી વિકાસના કામો હાથ ધરવા અંગે કોંગ્રેસી સભ્યોમાં પ્રવર્તતા અસંતોષને લઈ પંચાયતના પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત લાવવાની હિલચાલ શરૂ થતાં પંચાયતના રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

રેતી-કાંકરીની ગ્રાન્ટના મુદ્દે સભ્યોના રોષને થાળે પાડવા પ્રમુખ રામાજી ઠાકોરના સત્તાવાર નિવાસસ્થાને બેઠક પણ યોજવામાં આવી હતી અને કોઈ સભ્યને અન્યાય નહિ થાય તેવી ખાત્રી આપી વિવાદને ઠંડો પાડવામાં આવ્યો હતો.

આ પછી આ મુદ્દે વિકાસ કમિશનરને પત્ર લખી આ કામ સહિત પૂરક એજન્ડામાં સમાવાયેલા કામોનો પ્રતિષેદ કરવાની પણ હિલચાલ થઈ હતી પરંતુ ત્યારે પણ મામલો થાળે પાડવામાં નેતાગીરીને સફળતા મળી હતી.

આજે પંચાયતમાં પુનઃ એકત્ર થયેલા સભ્યોએ હજુ સુધી કામોને વહીવટીય મંજૂરી આપવામાં થઈ રહેલા વિલંબને લઈ હવે પ્રમુખ રામાજી ઠાકોર સામે અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવાની જરૂરિયાત હોવાનું જણાવી ઉગ્ર ચર્ચાઓ કરી હતી.

જિલ્લા પંચાયતમાં બે વર્ષથી રેતી-કાંકરીની ગ્રાન્ટના કામો હાથ પર ધરાયા જ નથી. સભ્યોમાં આ અંગે ઉગ્ર રોષની લાગણી પ્રવર્તી રહી છે.

પંચાયતમાં હાલ ૩૦ બેઠકો છે જેમાં ૨૪ બેઠકો કોંગ્રેસ પાસે છે જ્યારે છ બેઠકો વિપક્ષ ભાજપ પાસે છે. મળતા નિર્દશો મુજબ કોંગ્રેસના અસંતુષ્ટો અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવા માટે જરૂર પડ્યે વિપક્ષનો પણ સહારો લેવા તૈયાર છે.

જો કે બીજી તરફ રામાજી ઠાકોરનું જૂથ દાવો કરી રહ્યુ છે કે અન્યાય કોઈને થશે નહિ અને થવા દેવામાં આવશે નહિ. મંજૂરી આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે.

જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ગ્રાન્ટની ઉપલબ્ધિ કરતાં પણ વધુ રકમના કામો મંજૂર કરવામાં આવ્યા હતા જે ઉલ્લેખનીય છે. કામોને બહાલી આપ્યાને લઈ બે મહિના થવા આવ્યા છતાં આ કામોને વહીવટીય મંજૂરી હજુ મળી નથી તેથી સભ્યોમાં રોષ પ્રવર્તી રહ્યો છે.

ચોમાસુ નજીકમાં છે અને પછી ચૂંટણીની આચારસંહિતા લાગુ થતાં જ કામગીરી ઠપ્પ થશે તેવી દલીલ સાથે અસંતુષ્ટ સભ્યોએ અવિશ્વાસનો પ્રસ્તાવ એ જ વિકલ્પ હોવાનુ રટણ ચાલુ રાખ્યુ છે.

## કોંગ્રેસમાં નવો વિવાદ નવમીના યુવા-મિલન સંવાદમાં બાપુની બાદબાકી

**રાજકીય માહોલ પુનઃ ગરમાયો : નવમી પછી ગમે ત્યારે નવા જૂનીના એંધાણ : ધારાસભ્યોને પુનઃ ટિકિટ આપવાની જાહેરાત કરી બાજી સંભાળવાની વ્યુહરચના**

ગાંધીનગર, તા. ૬

ગુજરાત કોંગ્રેસમાં વધુ એક નવો વિવાદ બાપુના નામની બાદબાકીને લઈ ઉભો થતાં રાજ્યના રાજકારણમાં પુનઃ ગરમાવો આવ્યો છે.

ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસ દ્વારા નવમીએ અમદાવાદ ખાતે યુનિ.ના કન્વેશન હોલમાં યુવા મિલન... સંવાદ નામે કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં જુના અને નવા જોગીઓને નિમંત્રણ આપવામાં આવ્યા છે.

આ કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, રાજ્યના પ્રભારી અશોક ગેહલોત તથા યુથ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ અમરિન્દરસિંહ હાજર રહેવાના છે. જો કે મુખ્ય મહેમાન, અતિથીવિશેષ તરીકે બાપુનો નામોલ્લેખ પણ આમંત્રણ પત્રિકામાં ટાળવામાં આવ્યો છે.

બાપુની કરાયેલી આ બાદબાકીને લઈ રાજકીય વર્તુળોમાં નવી ચર્ચાઓ શરૂ થઈ છે કે હજુ કોંગ્રેસમાં બાપુનુ સ્થાન કોંગ્રેસી તરીકે છે કે નહિ ? આ પ્રકારના કાર્યક્રમના આયોજનને લઈ શુ પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે તેને લઈ ઉગ્ર ચર્ચાઓ સાંભળવા મળી હતી.

ગુજરાતમાં કોંગ્રેસનો વિવાદ થાળે પડવાનું નામ લેતો જ નથી. ગઈકાલે દિલ્હી જઈ આવેલા પ્રદેશ પ્રમુખ ભરત સોલંકીએ આજે ૫૭ ધારાસભ્યોને પુનઃ ટિકીટ આપવાની ઘોષણા કરી છે અને સાંજે આ મિલન સંવાદના નિમંત્રણ કાર્ડનું વિતરણ શરૂ થતાં જ પુનઃ વિવાદ શરૂ થયો છે.

ગુજરાત કોંગ્રેસમાં આગામી દિવસોમાં નવા જૂનીના સંકેતો જોકે રાજકીય વર્તુળો આપી રહ્યા છે. બીજી તરફ આ વર્તુળો હજુ પણ થોભો અને રાહ જુઓની નીતિ મુજબ કોઈપણ બાબતે સ્પષ્ટ સંકેત આપવાનું ટાળી રહ્યા છે.

નિમંત્રણ કાર્ડનો મુદો દિલ્હી સુધી પહોંચ્યો હોવાની ચર્ચાઓ પણ ક્યાંક ક્યાંક ખૂણે ખાંચરે થતી સાંભળવા મળી હતી.

જો કે નવમી જૂન પછી રાજકીય વાતાવરણમાં વધુ બદલાવ જોવા મળશે તેવુ મનાઈ રહ્યુ છે. નવા હોદ્દેદારોની જાહેરાત પણ આ જ દિવસોમાં કરવામાં આવે તેવી શક્યતાઓ સાથે બાપુને મનાવી લેવામાં આવે તેમ પણ મનાઈ રહ્યુ છે.

# કોંગ્રેસ વર્તમાન તમામ ધારાસભ્યોને રિપીટ કરશે

**ભરતસિંહ સોલંકીની જાહેરાતથી રાજકીય ગરમી : હાઈકમાન્ડની સાથે ચર્ચા થયા બાદ મંજુરી : બે તૃતીયાંશ બહુમતિના મુદ્દે મંત્રણા થઇ હોવાનો દાવો કરવામાં આવ્યો**

અમદાવાદ, તા.૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસે તૈયારી હાથ ધરી દીધી છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહે કહ્યું છે કે, ગુજરાતકોંગ્રેસ દ્વારા વિધાનસભાની ચૂંટણીમાં ૫૭ ધારાસભ્યોને રિપીટ કરવામાં આવનાર છે. ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, આગામી વિધાનસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસના હાઈકમાન્ડ સાથે ચર્ચા કરવામાં આવી છે.

હાઈકમાન્ડ સાથેની મીટીગમાં ચૂંટણીમાં ૨-૩ બહુમતી મેળવવા ચર્ચા કરાઈ હતી. આ મીટીંગમાં જ ૫૭ ધારાસભ્યોને રિપીટ કરવાનું નક્કી થયું હતું. હાઈકમાન્ડે કોંગ્રેસના વર્તમાન ૫૭ ધારાસભ્યોની ટિકિટ પર મહોર મારી દીધી છે. ત્યારે આગામી ટૂંક સમયમાં જ કોંગ્રેસ ચૂંટણીલક્ષી કામગીરી વધુ તેજ બનાવશે. આગામી અઠવાડિયામાં જ કોંગ્રેસના પ્રદેશ હોદ્દોદારોની પણ જાહેરાત કરવામાં આવશે અને હાઈકમાન્ડ સાથેની ચર્ચા અને નિર્દેશો પ્રમાણે દરેકની ચૂંટણીલક્ષી કામગીરી સોંપવામાં આવશે. સાથે જ ૯મી જુનના રોજ ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોત પણ અમદાવાદ આવી ચૂંટણીલક્ષી વ્યુહાત્મક મીટિંગ કરશે. ઘણા લાંબા સમયથી ગુજરાત કોંગ્રેસમાં

● અનુસંધાન પાન-૭ પર
















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com